| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૧–૦૯–૨૦૦૬ |
| નોંધણી તારીખ | ૨૧–૦૯–૨૦૦૬ |
| ફેંસલ તારીખ | ૧૦–૦૮–૨૦૧૮ |
| સમયગાળો | વર્ષ.....માસ..... દિવસ... |

**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૩, અમદાવાદ.**

ફોજદારી કેસ નંબર :– ૨૨૮૮ / ૨૦૦૬

આંક :– ૨૨

**ફરીયાદી** :– શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ** :–

(૧) મનોજ ફતુમલ વાસવાણી, ઉ.વ.આ.૨૮,
રહે. ઘર નં. ૩૭/૧૩, 'સી' બ્લોક, નોબલ પોલીસ ચોકી,
સરદારનગર, અમદાવાદ.

(૨) ધનરાજ ઉર્ફે ભીખુ પાન્ડુરંગ પિલ્લાઈ, ઉ.વ.આ.૨૩,
રહે. નેશનલ પાર્ક સોસાયટી, હાટકેશ્વર,
ખોખરા, અમદાવાદ.

(૩) દિપક ઉર્ફે દિપુ લેખરાજમલ તોલાણી, ઉ.વ.આ.૨૪,
રહે. ડી–૨૮, નોબલનગર, સરદારનગર,
અમદાવાદ.

(૪) રામસિંહ ઉર્ફે રામા ઉર્ફે મોદી ગુલાબસિંહ રાજપુત, ઉ.વ.આ.૧૯, રહે. રતનપોળ, વૃંદાવન શોપીંગ સેન્ટર, ત્રીજે માળ, અમદાવાદ.

**એડવોકેટસ** : ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રી જે.એચ.પંડયા
આરોપીઓ પક્ષે વિ.વ.શ્રી કે. એસ. તમાઈચે

**ગુનો :– ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબ.**

**" જ જ મે ન્ટ "**

(૧) આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપીઓએ આ કામના ફરીયાદીને લુંટી લેવાનું કાવતરૂં રચી આરોપી નં.૪ કે જે ફરીયાદી સાથે નોકરી કરે છે તેને નહી પકડાયેલ આરોપી કિશોરસિંહ ઉર્ફે કિશન મારવાડી શંકરસિંહ રાજપુતને ફરીયાદીશ્રી પૈસા લઈ જવા અંગેની માહિતી આપતાં આરોપી નં.૧,૨,૩ તથા નહી પકડાયેલ આરોપીએ ભેગા મળી ઓટોરીક્ષા નંબર જી.જે.૧. એ.એકસ.૮૮૪ માં બેસી આવી સાયકલ ઉપર નાણાં લઈ પસાર થતા ફરીયાદીને તા.૩૦/૫/૨૦૦૬ ના કલાક ૨૨–૪૫ વાગેના સુમારે કાલુપુર બ્રીજ રામલાલની ચાલી તરફ આવેલ સીડી નજીક રોકી આરોપી નં.૩ તથા નહી પકડાયેલ આરોપીએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તથા કાલુપુર બ્રીજ સરસપુર તરફના સર્કલ આગળ ફરીથી ઉપરોકત બંને આરોપીઓએ ફરીયાદીને માર મારી ફરીયાદીની સાયકલ પર ભરાવેલ થેલીમાંના નાણાં રૂા.૩,૨૫,૦૦૦/– ની લુંટ કરી ઉપરોકત ઓટોરીક્ષા નંબર જી.જે.૧.એ.એકસ.૮૮૪ માં બેસી નાસી જઈ એકબીજાની મદદગારીમાં ગુનો કરેલો, તે મુજબની ફરીયાદીએ પોલીસ સમક્ષ

ફરીયાદ લખાવતાં પોલીસે શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૭૨/૦૬ થી ફરીયાદ રજીસ્ટરે લઈ, તપાસ કરી, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરાવો જણાતાં આરોપીઓને અટક કરી, આરોપીઓ સામે ઈ.પી.કો.ક. ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુના બાબત ચાર્જશીટ કરેલ છે.

(૩) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપીઓ સામેના ગુનાના આંક–૯ ના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી તથા સમજાવી, આરોપીઓનું પ્રાથમીક નિવેદન આંક–૧૦ થી લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપવાળા ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલી છે. ફરીયાદપક્ષ તરફે પંચસાહેદ રાજુભાઈ વશરામભાઈનો પુરાવો પુરો થયા બાદ આ કામના પક્ષકારોએ આંક–૧૩ થી સમાધાન પુરસીસ રજુ કરેલી છે. પરંતુ આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો. ક. ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુના કર્યાનો આક્ષેપ હોય અને તે ગુનાઓ પૈકી ઈ.પી.કો. કલમ ૩૯૨, ૧૧૪, ૧૨૦(બી) ના ગુનાઓ બીન સમાધાનપાત્ર હોવાથી સમાધાન પુરસીસ મંજુર થઈ શકે તેમ ન હોય સમાધાન પુરસીસ નામંજુર કરવામાં આવે છે અને ગુનાની કાર્યવાહી સંબંધે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

<u>મૌખિક પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | પંચસાહેદ રાજુભાઈ વશરામભાઈની જુબાની | ૧૧ |
| ૨ | ફરીયાદી અનીલ શકરાભાઈ પટેલની જુબાની | ૧૪ |
| ૩ | પંચસાહેદ જાકીરહુસેન સલીમભાઈ ધાંચીની જુબાની | ૧૬ |
| ૪ | સાહેદ લીલારામ અરજણદાસની જુબાની | ૧૮ |
| ૫ | પંચસાહેદ તાહીરઅલી મતબુરઅલીની જુબાની | ૨૧ |

<u>દસ્તાવેજી પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>પુરાવાનું વર્ણન</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૫ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૩ | આરોપીની શરીર સ્થિતિ તથા મોબાઈલ કબજે કર્યાનું પંચનામું | ૧૯ |
| ૪ | મુદ્દામાલ રોકડ રકમ કબજે કર્યાનું પંચનામું | ૨૦ |

(૫) પુરાવાના અંતે આરોપીઓની વિરૂધ્ધ કહી શકાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. આરોપીઓએ પોતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવના સાહેદો તપાસેલા નથી. ત્યારબાદ બંને પક્ષકારોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલી છે.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો અને ફરીયાદપક્ષના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

૧) શુ ફરીયાદપક્ષ સ્પષ્ટ અને નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આરોપીઓએ આ કામના ફરીયાદીને લુંટી લેવાનું કાવતરૂં રચી આરોપી નં.૪ કે જે ફરીયાદી સાથે નોકરી કરે છે તેને નહી પકડાયેલ આરોપી કિશોરસિંહ ઉર્ફે કિશન મારવાડી શંકરસિંહ રાજપુતને ફરીયાદીશ્રી પૈસા લઈ જવા અંગેની માહિતી આપતાં આરોપી નં.૧,૨,૩ તથા નહી પકડાયેલ આરોપીએ ભેગા મળી ઓટોરીક્ષા નંબર જી.જે.૧. એ.એકસ.૮૮૪ માં બેસી આવી સાયકલ ઉપર નાણાં લઈ પસાર થતા ફરીયાદીને તા.૩૦/૫/૨૦૦૬ ના કલાક ૨૨–૪૫ વાગેના સુમારે કાલુપુર બ્રીજ રામલાલની ચાલી તરફ આવેલ સીડી નજીક રોકી આરોપી નં.૩ તથા નહી પકડાયેલ આરોપીએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તથા કાલુપુર બ્રીજ સરસપુર તરફના સર્કલ આગળ ફરીથી ઉપરોકત બં

ને આરોપીઓએ ફરીયાદીને માર મારી ફરીયાદીની સાયકલ પર ભરાવેલ થેલીમાંના નાણાં રૂા.૩,૨૫,૦૦૦/– ની લુંટ કરી ઉપરોકત ઓટોરીક્ષા નંબર જી.જે.૧.એ.એકસ. ૮૮૪ માં બેસી નાસી જઈ એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) <u>ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.</u>

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબરઃ–૧**

(૯) ઉભય પક્ષકારોની તમામ રજુઆત ધ્યાનમાં લેતાં બનાવની તારીખ, સમય અને સ્થળ અં ગે કોઈ વિવાદ નથી. ફરીયાદ પક્ષના કેસ મુજબ આરોપીઓએ આ કામના ફરીયાદીને લુંટી લેવાનું કાવતરૂં રચી આરોપી નં.૪ કે જે ફરીયાદી સાથે નોકરી કરે છે તેને નહી પકડાયેલ આરોપી કિશોરસિંહ ઉર્ફે કિશન મારવાડી શંકરસિંહ રાજપુતને ફરીયાદીશ્રી પૈસા લઈ જવા અંગેની માહિતી આપતાં આરોપી નં .૧,૨,૩ તથા નહી પકડાયેલ આરોપીએ ભેગા મળી ઓટોરીક્ષા નંબર જી.જે.૧. એ.એકસ.૮૮૪ માં બેસી આવી સાયકલ ઉપર નાણાં લઈ પસાર થતા ફરીયાદીને તા.૩૦/૫/૨૦૦૬ ના કલાક ૨૨–૪૫ વાગેના સુમારે કાલુપુર બ્રીજ રામલાલની ચાલી તરફ આવેલ સીડી નજીક રોકી આરોપી નં.૩ તથા નહી પકડાયેલ આરોપીએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તથા કાલુપુર બ્રીજ સરસપુર તરફના સર્કલ

આગળ ફરીથી ઉપરોકત બંને આરોપીઓએ ફરીયાદીને માર મારી ફરીયાદીની સાયકલ પર ભરાવેલ થેલીમાંના નાણાં રૂા.૩,૨૫,૦૦૦/– ની લુંટ કરી ઉપરોકત ઓટોરીક્ષા નંબર જી.જે.૧.એ.એકસ. ૮૮૪ માં બેસી નાસી જઈ એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે, જે હકીકત પુરવાર કરવા આ કામે આંક–૧૪ થી ફરીયાદી અનીલ શકરાભાઈ પટેલ નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓનો પુરાવો ધ્યાનમાં લઈએ તો બનાવ તા.૩૦/૫/૨૦૦૬ ના રોજ રાત્રીના પોણા અગીયાર વાગ્યાના સુમારે કાલુપુર બ્ર ીજ, રામલાલની ચાલી પાસે બનેલો. ફરીયાદી જયઅંબે માર્કેટીંગ નામની લીલારામ અર્જુનદાસની દુકાનમાં નોકરી છે અને કેસ કાઉન્ટર પર બેસે છે અને રાત્રે મોડા હીસાબ કરી દુકાનની રકમ તેના ઘરે રાખી બીજા દિવસે શેઠને આપે છે. બનાવના દિવસે રાત્રે ફરીયાદીએ દુકાનના કાઉન્ટરનો હીસાબ કરી રૂા.૩,૨૫,૦૦૦/– એક ઝભલામાં મુકી તેની સાયકલના આગળના ભાગે થેલીમાં મુકેલા અને કાલુપુર બ્ર ીજથી નીચે ઉતરતો હતો તે વખતે કાલુપુર બ્રીજ પાસેથી બે માણસો આવેલા અને તેઓની સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરેલી અને ફરીયાદી થોડે આગળ જતાં ફરી એજ બે માણસો આવેલા અને ફરીયાદી સાથે ફરી ઝપાઝપી કરી સાયકલના આગળ ભરાવેલી થેલી લઈને જતા રહેલા જે થેલીમાં રૂા.૩,૨૫,૦૦૦/– હતા તેમાં હજારની, પાંચસોની, સોની જુદા જુદા દરની નોટો હતી જે બનાવની શહેરકોટડા પો.સ્ટે.માં ફરીયાદ આપેલી, તેવી હકીકત જણાવી આ કામે રજુ થયેલ ફરીયાદ ઉપર તેઓની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં ફરીયાદીએ જણાવેલ છે કે, આ લુંટ કરનારને તેઓ ઓળખી શકે નહી, આજરોજ કોર્ટમાં જોઈને કહે છે કે લુંટ કરનાર ઈસમો આજરોજ કોર્ટમાં હાજર નથી. ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ ન હોવાથી વિ.એ.પી.પી. ધ્વારા સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદે એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે રોડ ઉપર રાતના અંધારૂ હતું, એ વાત ખરી છે કે કોઈ વ્યકિતના મેં ચેહરા બનાવ વખતે જોયેલા નહી, એ વાત ખરી છે કે મારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. આમ, ફરીયાદીનો પુરાવો

ધ્યાનમાં લેતાં બનાવના દિવસે રાત્રે ફરીયાદીએ દુકાનના કાઉન્ટરનો હીસાબ કરી રૂા.૩,૨૫,૦૦૦/– એક ઝભલામાં મુકી તેની સાયકલના આગળના ભાગે થેલીમાં મુકેલા અને કાલુપુર બ્રીજથી નીચે ઉતરતા હતા તે વખતે કાલુપુર બ્રીજ પાસેથી બે માણસો આવેલા અને તેઓની સાથે બોલાચાલી કરી ઝપાઝપી કરેલી અને ફરીયાદી થોડે આગળ જતાં ફરી એજ બે માણસો આવેલા અને ફરીયાદી સાથે ફરી ઝપાઝપી કરી સાયકલના આગળ ભરાવેલી થેલી કે જેમાં તેમાં હજારની, પાંચસોની, સોની જુદા જુદા દરની નોટો હતી જે કુલ રૂા.૩,૨૫,૦૦૦/– હતા તે લઈને જતા રહેલા પરંતુ આ લુંટ કરનારને તેઓ ઓળખી શકે નહી, આજરોજ કોર્ટમાં લુંટ કરનાર ઈસમો હાજર નથી તેવી હકીકત જણાવેલી છે. આમ, હાલના આરોપીઓએ ભેગા મળી ફરીયાદીની સાથે ફરી ઝપાઝપી કરી સાયકલના આગળ ભરાવેલી થેલી કે જેમાં હજારની, પાંચસોની, સોની જુદા જુદા દરની નોટો હતી જે કુલ રૂા.૩,૨૫,૦૦૦/– હતા તે લઈને જતા રહી લુંટ કરી હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. ઉલ્ટાનું ફરીયાદીએ લુંટ કરનાર ઈસમો કોર્ટમાં હાજર નથી તેવી હકીકત જણાવેલી છે.

(૧૦) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૮ થી સાહેદ લીલારામ અરજણદાસને સોગંદ ઉપર તપાસવામાં આવતાં તેઓએ તેમના પુરાવામાં બનાવ ૬–૭ વર્ષ અગાઉ કાલુપુર બ્રીજ ઉપર બનેલો, તેઓની મોબાઈલની જયઅંબે માર્કેટીંગ નામની દુકાન રીલીફ રોડ પર આવેલી છે અનીલ સાહેદને ત્યાં સર્વિસ કરતો હતો, અનીલભાઈ પાસે લુંટ થઈ તે સાહેદની દુકાનના પૈસા હતા, અનીલ સાહેદની દુકાનમાં નોકરી કરતો હોય જે પૈસા આવ્યા હોય તે ઘરે લઈ જાય અને સવારે સાહેદને આપતો હતો, આ લુંટ બાબતે સાહેદને કોઈના પર શક ન હતો, પોલીસે આ ગુનામાં આરોપીઓની ધરપકડ કરેલી અને તેઓની પાસેથી લુંટમાં ગયેલી રકમ કબજે કરેલી, સાહેદને લુંટની રકમ પરત મળી ગયેલ છે. પોલીસે જે વ્યકિતઓની આ ગુનામાં ધરપકડ કરી તે પૈકી એક વ્યકિતનું નામ મોદી હતું જે સાહેદની દુકાનમાં પહેલા નોકરી કરતો હતો અને કોર્ટમાં હાજર હોઈ સાહેદે તેને ઓળખી બતાવેલ છે, બીજા આરોપીઓ કોણ હતા તેની સાહેદને ખબર ન હોવાની હકીકત જણાવેલી છે. સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતને સમર્થન કરેલ ન હોવાથી વિ.એ.પી.પી. ધ્વારા સદર સાહેદને ફરી

ગયેલા સાહેદ તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદે એ વાત ખરી છે કે, લુંટની જાણ મને મારા કર્મચારીએ કરેલ મને કોઈ જાતમાહિતી નથી. આમ, સદર સાહેદનો પુરાવો ધ્યાને લેતાં તેઓને લુંટના બનાવ બાબતની કોઈ જાતમાહીતી ન હોવાની હકીકત રેકર્ડ પર આવેલી છે.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ થી પંચસાહેદ રાજુભાઈ વશરામભાઈને, આંક–૧૬ થી જાકીરહુસેન સલીમભાઈ ઘાંચીને, આંક–૨૧ થી તાહીરઅલી મરતુબઅલી નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં પંચનામામાં તેઓની સહી સિવાયની કોઈપણ હકીકતને સમર્થન કરેલ ન હોવાથી વિ.એ.પી.પી. ધ્વારા સદર પંચસાહેદોને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરાવી ઉલટતપાસ કરેલ છે, પરંતુ કોઈ મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકાયેલ નથી. આમ, સદર સાહેદોના પુરાવાથી પંચનામાઓ પણ પુરવાર થતા નથી.

(૧૨) જેથી ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આ કામના આરોપીઓએ આ કામના ફરીયાદીને લુંટી લેવાનું કાવતરૂં રચી આરોપી નં.૪ કે જે ફરીયાદી સાથે નોકરી કરે છે તેને નહી પકડાયેલ આરોપી કિશોરસિંહ ઉર્ફે કિશન મારવાડી શંકરસિંહ રાજપુતને ફરીયાદીશ્રી પૈસા લઈ જવા અંગેની માહિતી આપતાં આરોપી નં.૧,૨,૩ તથા નહી પકડાયેલ આરોપીએ ભેગા મળી ઓટોરીક્ષા નંબર જી.જે.૧. એ.એકસ.૮૮૪ માં બેસી આવી સાયકલ ઉપર નાણાં લઈ પસાર થતા ફરીયાદીને તા.૩૦/૫/૨૦૦૬ ના કલાક ૨૨–૪૫ વાગેના સુમારે કાલુપુર બ્રીજ રામલાલની ચાલી તરફ આવેલ સીડી નજીક રોકી આરોપી નં .૩ તથા નહી પકડાયેલ આરોપીએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી તથા કાલુપુર બ્રીજ સરસપુર તરફના સર્કલ આગળ ફરીથી ઉપરોકત બંને આરોપીઓએ ફરીયાદીને માર મારી ફરીયાદીની સાયકલ પર ભરાવેલ થેલીમાંના નાણાં રૂા.૩,૨૫,૦૦૦/– ની લુંટ કરી ઉપરોકત ઓટોરીક્ષા નંબર જી.જે.૧.એ.એકસ. ૮૮૪ માં બેસી નાસી જઈ એકબીજાની મદદગારીમાં ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબનો ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ તરફે શંકારહિત પુરવાર થતી ન હોવાથી મુદ્દા નં.૧ નો જવાબ તે રીતે નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**"હુ ક મ"**

(૧) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૪૮(૧) અન્વયે આરોપીઓને ઈ.પી.કો. કલમ ૩૯૨, ૩૨૩, ૧૧૪, ૧૨૦(બી) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રિમી. પ્રોસીજર કોડ કલમ ૪૩૭ (એ) મુજબ આરોપીઓએ રૂા.૫૦૦૦/– ના જામીન રજુ કરવા.

(૩) કબજે થયેલ મુદ્દામાલ સંબંધે વચગાળાનો થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ – ૧૦ માહે ઓગષ્ટ સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી તથા કોર્ટની સીલ કરી જાહેર કર્યો.

તારીખ ૧૦–૦૮–૨૦૧૮.
અમદાવાદ

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૩, અમદાવાદ.
યુનિક કોડ નં. જીજે–૦૦૮૬૨.